## અનુસંધાન ... પાના પહેલાનું

### રશિયન તેલ લેવા...

વેગ આપી રહી છે. ગયા મહિને, અમેરિકા અને ભારતે જાહેરાત કરી હતી કે તેઓ વેપાર પરના 'અંતરિમ કરાર' માટે માળખાકીય સમજૂતી પર પહોંચ્યા છે. ટ્રમ્પે ભારત પરના 25 ટકા દંડાત્મક ટેરિફને હટાવવાનો એક્ઝિક્યુટિવ ઓર્ડર પણ જારી કર્યો હતો, જેમાં મોસ્કો પાસેથી ઉર્જાની આયાત બંધ કરવા અને અમેરિકન ઉર્જા ઉત્પાદનોની ખરીદી વધારવાની નવી દિલ્હીની પ્રતિબદ્ધતાની નોંધ લેવામાં આવી હતી.

### રશિયન તેલ તો...

ટેન્કરો ફસાયેલા હોવાથી ભારતને તાત્કાલિક તેલની જરૂરિયાત છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી કંપનીઓ રશિયન વેપારીઓ સાથે તાત્કાલિક ડિલિવરી માટે વાતચીત કરી રહી છે. અત્યાર સુધીમાં અંદાજે 2 કરોડ બેરલ તેલના સોદા થયા હોવાનું મનાય છે.

### સમુદ્રમાં તરતું...

રશિયન તેલ ખરીદવાની મંજૂરી આપવા માટે 30 દિવસની કામચલાઉ છૂટ આપી છે. એનર્જી સેક્રેટરી ક્રિસ રાઈટે 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, અમે તેલના ભાવ નીચા રાખવા માટે ટૂંકા ગાળાના પગલાં અમલમાં મૂક્યા છે. અમે ભારતમાં અમારા મિત્રોને એ તેલ લેવાની મંજૂરી આપી રહ્યા છીએ જે પહેલેથી જ જહાજો પર છે, તેને રિફાઇન કરવા અને તે બેરલને ઝડપથી બજારમાં ખસેડવા માટે મંજૂરી આપી છે.

### ઈરાન પર આજે...

બ્રિટન સિવાય હિંદ મહાસાગરમાં આવેલા ડિએગો ગાર્શિયા બેઝ પર પણ અમેરિકાએ પોતાની સૈન્ય શક્તિ વધારી છે. આ કાફલામાં વિશ્વના સૌથી વિનાશક ગણાતા B-2 (સ્ટીલ્થ) અને B-52 બોમ્બર્સ પણ જોડાશે. એક-એક વિમાનની કિંમત અંદાજે 2 અબજ ડોલર છે, જે રડારમાં પકડાયા વિના લાંબા અંતર સુધી 34 ટન જેટલા વિસ્ફોટકો લઈ જઈ શકે છે.

## 'મધર ઓફ ઓલ બોમ્બ્સ' (MOAB)નો ઉપયોગ શક્ય

સંરક્ષણ નિષ્ણાતો માને છે કે આ હુમલામાં અમેરિકા 10 ટન વજનના 'મધર ઓફ ઓલ બોમ્બ્સ' નો ઉપયોગ કરી શકે છે. આ બોમ્બ જમીનમાં 1,000 ફૂટ ઊંડો ખાડો પાડી શકે છે. તે ઈરાનના અંડરગ્રાઉન્ડ બંકરો, ટનલ અને પુલ જેવા મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પળવારમાં નેસ્તનાબૂદ કરવાની ક્ષમતા ધરાવે છે.

## અમેરિકાએ ઇરાનનું ડ્રોન કેરિયર જહાજ ફૂંકી માર્યું

અમેરિકી સૈન્યએ શુક્રવારે વહેલી સવારે જાહેરાત કરી હતી કે તેમણે ઈરાનના અત્યંત આધુનિક ડ્રોન કેરિયર જહાજ પર હુમલો કરીને તેને આગને હવાલે કરી દીધું છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે સળગતા જહાજના બ્લેક એન્ડ વ્હાઇટ ફૂટેજ (વીડિયો) જાહેર કર્યા છે, જેમાં જહાજમાં લાગેલી ભીષણ આગ સ્પષ્ટ જોઈ શકાય છે. આ જહાજનું નામ IRIS શાહિદ બધેરી છે. ઈરાની સૈન્ય દ્વારા હજુ સુધી સત્તાવાર રીતે આ હુમલાની પુષ્ટિ કરવામાં આવી નથી. તે એક વિશાળ કન્ટેનર જહાજ હતું, જેને ડ્રોન ઓપરેશન માટે સુધારવામાં આવ્યું હતું. તેમાં ડ્રોન ઉડાડવા અને ઉતારવા માટે 180 મીટર લાંબો રનવે બનાવવામાં આવ્યો હતો.

### હવે સંપૂર્ણ શરણાગતિ...

સંદેશના અંતે કહ્યું કે ઈરાનનું ભવિષ્ય ઉજ્જવળ હશે અને "મેક ઈરાન ગ્રેટ અગેઈન" સૂત્રનો ઉપયોગ કર્યો હતો. બીજી બાજુ ટ્રમ્પે કેટલાક ઇરાનીઓ બદલો લેવા માટે અમેરિકાની અંદર હુમલાઓ કરે તેવી પણ ચેતવણી ઉચ્ચારી હતી.

### સમુદ્રમાં અટકી...

છે, જે મોટે ભાગે બિન-પ્રતિબંધિત કંપનીઓ પાસેથી લેવામાં આવ્યું છે. કંપનીઓ હવે એ જાણવા માંગે છે કે શું આ છૂટછાટ હેઠળ પ્રતિબંધિત કંપનીઓ પાસેથી પણ તેલ ખરીદવાની પરવાનગી છે કે નહીં. મધ્ય પૂર્વમાંથી સપ્લાય ખોરવાતા, અમેરિકાની છૂટછાટ મળે તે પહેલાં જ ભારતે રશિયન તેલ ખરીદવાનું શરૂ કરી દીધું હતું.

### રશિયન તેલની...

રહ્યું છે અને તેમાં વધારો પણ કર્યો છે. કેન્દ્ર સરકારનો દરેક ભારતીય પરિવારને સ્પષ્ટ સંદેશ છે કે દેશનો ઈંધણ પુરવઠો સંપૂર્ણ સુરક્ષિત છે. અધિકારીએ જણાવ્યું કે છેલ્લા 12 વર્ષમાં એક પણ પેટ્રોલ પંપ ખાલી રહ્યો નથી, જે ભારતની ઊર્જા ક્ષેત્રની મજબૂત તૈયારીઓનો પુરાવો છે. હાલમાં ભારત પાસે 25 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ અને રિફાઈન્ડ ઉત્પાદનોનો સ્ટોક છે, જે 7 થી 8 અઠવાડિયા માટે પૂરતો છે. ભારત 40 દેશો પાસેથી તેલ મેળવે છે અને ચાર વર્ષથી પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ વધારો થયો નથી.

### રશિયાનો મોટો નિર્ણય...

પુરવઠામાં મોટો વધારો કરવા તૈયાર છે. ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા અને હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી અવરોધક સ્થિતિને કારણે જ્યારે વૈશ્વિક તેલ પુરવઠો પ્રભાવિત થયો છે, ત્યારે રશિયા ભારત માટે એક ભરોસાપાત્ર સ્ત્રોત તરીકે ઉભરી રહ્યું છે.

### ભારતને અમેરિકાની...

હતો. કોંગ્રેસ અને તેના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા સરકારની વિદેશ નીતિ પર આકરા પ્રહારો કર્યા હતા અને સરકાર સતત રાજદ્વારી સ્વાયત્તતા ગુમાવી રહી છે તેમ જણાવ્યું હતું. રાહુલ ગાંધીએ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, ભારતની વિદેશ નીતિ આપણા લોકોની સામૂહિક ઈચ્છાશક્તિમાંથી ઉદભવે છે. તે આપણા ઈતિહાસ, ભૂગોળ અને સત્ય તથા અહિંસા પર આધારિત આપણી આધ્યાત્મિક નૈતિકતામાં મૂળ ધરાવતી હોવી જોઈએ. આજે આપણે જે જોઈ રહ્યા છીએ તે નીતિ નથી, પરંતુ એક લાચાર વ્યક્તિના શોષણનું પરિણામ છે. વિરોધ પક્ષના આરોપોને ફગાવતા સરકારે જણાવ્યું હતું કે, ભારત રશિયન તેલ ખરીદવા માટે ક્યારેય કોઈ દેશની પરવાનગી પર નિર્ભર નથી.

### ક્રૂડ ઓઈલના...

હવે મધ્ય પૂર્વના મુખ્ય ઉર્જા ઉત્પાદક વિસ્તારોમાં ફેલાયો છે. ઉત્પાદન ખોરવાતા અનેક રિફાઈનરીઓ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) પ્લાન્ટ્સ પણ બંધ કરવાની ફરજ પડી છે. વધુમાં, વધતા તણાવની અસર નાણાકીય બજારો પર પણ પડી રહી છે. બાદમાં મળેલા અહેવાલ મુજબ આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ગણાતા બ્રેન્ટ ક્રૂડનો ભાવ 90.25 ડોલર પ્રતિ બેરલ થયો છે. અમેરિકન ક્રૂડનો ભાવ 8.9% વધીને 88.20 ડોલર પર પહોંચ્યો છે. હવે ઘણો ખરો આધાર 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પર રહેશે.

### બાળકો માટે સોશિયલ...

અમે ચોક્કસપણે ખાતરી કરીશું કે 90 દિવસની અંદર 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો સોશિયલ મીડિયાનો ઉપયોગ ન કરી શકે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે તેમની સરકાર 13 થી 16 વર્ષના કિશોરો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવા અંગે ટૂંક સમયમાં નિર્ણય લેશે.

**વાલીઓ, નિષ્ણાતોના મિશ્ર પ્રતિભાવો**

બેંગલુરુના જલાહલ્લીના રહેવાસી મનોહર એન. એચ., જેમને 16 વર્ષનો પુત્ર અને 13 વર્ષની પુત્રી છે, તેમણે જણાવ્યું હતું કે 16 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવો એ કેટલીક રીતે સારું હોઈ શકે છે, પરંતુ તેનો અમલ કરવો મુશ્કેલ હશે. મધરહુડ હોસ્પિટલના સાયકોલોજી અને ચાઇલ્ડ ડેવલપમેન્ટ કન્સલ્ટન્ટ ડો. સરિતા નાગરાજે આ પગલાની પ્રશંસા કરતા કહ્યું કે, આનાથી બાળકો અને કિશોરોમાં માનસિક સ્વાસ્થ્યના જોખમો - જેમ કે હતાશા, ચિંતા, ઊંઘની સમસ્યા અને શારીરિક દેખાવ અંગેની લઘુતાગ્રંથિ - ઓછા થશે. તેમની એકાગ્રતા અને શૈક્ષણિક પ્રદર્શનમાં પણ સુધારો થવાની શક્યતા છે.

### ભારતે ઈરાનના...

દ્વારા આયોજિત 'મિલન' નૌકાદળ કવાયતમાં ભાગ લઈને પરત ફરી રહ્યું હતું. આ હુમલામાં ઈરાનના 87 ખલાસીઓ માર્યા ગયા છે. ઈરાને આ હુમલાને 'યુદ્ધ અપરાધ' ગણાવ્યો છે, કારણ કે તેમના મતે આ જહાજ નિઃશસ્ત્ર હતું અને મહેમાન તરીકે કવાયતમાં જોડાયું હતું. બીજી તરફ, પેન્ટાગોને આ હુમલાનો વીડિયો જાહેર કર્યો છે.

### સરકારે એસ્મા...

આયાત સાઉદી અરેબિયા જેવા દેશોમાંથી થાય છે, જે પરિવહન માટે સાંકડી પરંતુ અત્યંત મહત્વપૂર્ણ હોર્મુઝની સામુદ્રધૂનિ પર નિર્ભર છે. એક સપ્તાહ પહેલા આ પ્રદેશમાં વધેલા તણાવ બાદ આ માર્ગ અસરકારક રીતે બ્લોક થઈ ગયો છે. આ આદેશ આવશ્યક સેવા જાણવણી ધારો (જે સામાન્ય રીતે એસ્મા - ESMA તરીકે ઓળખાય છે) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને જારી કરવામાં આવ્યો છે. તેમાં રિફાઈનરીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ ઉત્પાદિત એલપીજી માત્ર ત્રણ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ - ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) ને જ ઉપલબ્ધ કરાવે. એલપીજી એ પ્રોપેન અને બ્યુટેનનું મિશ્રણ છે અને રિફાઈનરીઓને આ બે કેમિકલ્સનો ઉપયોગ પેટ્રોકેમિકલ્સ બનાવવા માટે કરવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.


**पंजाब नैशनल बैंक** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

**ચલા શાખા :** ગ્રાઉન્ડ ફલોર, ટાઈમ્સ સ્કવેર બિલ્ડીંગ, વાપી દમણ રોડ, ચલા–૩૯૬૧૯૧, જી.વલસાડ, ગુજરાત. ફો નં. ૦૨૬૦ – ૨૪૦૨૬૩૧. ઈમેઈલ : bo5990@pnb.bank.in

પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] **કબજા નોટીસ** (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક, ચલા શાખા, વાપી જી.વલસાડ** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪)અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૫/૧૨/૨૦૨૫** ના રોજ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો શ્રીમતી આશા સંતોષ વિસ્પુટે** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૯,૩૬,૯૨૭.૩૫ (અંકે રૂા. નવ લાખ છત્રીસ હજાર નવસો સત્તાવીસ અને પાત્રીસ પૈસા પુરા)** તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સહિત આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમો અંતર્ગત આ ધારા ૧૩(૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ આ ધારા હેઠળ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તારીખ ૦૩જી માર્ચ, ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૯,૩૬,૯૨૭.૩૫ (અંકે રૂા. નવ લાખ છત્રીસ હજાર નવસો સત્તાવીસ અને પાત્રીસ પૈસા પુરા) તા.૨૯/૧૧/૨૦૨૫** ના રોજના વધારાનું વ્યાજ અને કોસ્ટ ખર્ચાઓ વિગેરે સહિત સંપૂર્ણ ચુકવણી સુધીનાને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શિવમ વિહાર' તરીકે ઓળખાતી બિલ્ડીંગ ના રજા માળનો ફલેટ નં. એફ–૧/૨૦૩ માપ ૭૨૭ ચો.ફુટ એટલે ૬૭.૫૬ ચો.મીટર, બિલ્ટઅપ એરીયા નો બાંધકામ થયેલ જમીન નો રેવન્યુ સર્વે નં. ૧૭૫/૪/૧૨, સોલસુમ્બા, તા. ઉમરગામ, જી.વલસાડ, ગુજરાત ખાતે તમામ પ્રકાર ના હક, હિત અને સંબંધ ના જાડાણો સાથે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ફલેટ નં. એફ–૧/૨૦૪, **પશ્ચિમ તરફ** : ખુલ્લી જગ્યા, **ઉત્તર તરફ** : ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ** : પેસેજ અને ફલેટ નં. એફ–૧/૧૦૨ આવેલ છે.

**તારીખ : ૦૩/૦૩/૨૦૨૬ । સ્થળ : ઉમરગામ** — **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**



**DGVCL** — **દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
સુરત ગ્રામ્ય વર્તુળ કચેરી
ઊર્જા સદનની સામે, નાના વરાછા રોડ, કાપોદ્રા, સુરત ૩૯૫ ૦૦૬
ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**"નવસારી રિજીઓનલ સ્ટોર માટે માલ-સમાન મૂકવા ભાડેથી જગ્યા જોઈએ છે"**

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી. નવસારી રિજીઓનલ સ્ટોર માટે માલ-સમાન મૂકવા માટે આશરે ૧૨૦૦૦ થી ૧૫,૦૦૦ ચો.ફુટ ખુલ્લી જગ્યા (જગ્યાની ફરતે દીવાલ કરેલી હોવી જોઈએ) નવસારી ગ્રીડ ચોકડીની આજુબાજુના વિસ્તારમાં મુખ્ય માર્ગની નજીક ઓછામાં ઓછા પાંચ વર્ષના ભાડાના કરારથી ભાડેથી જોઈએ છે. રસ ધરાવનાર પાર્ટીએ દરખાસ્ત સાથે નીચે મુજબ ના જરૂરી પુરાવા મોકલી આપવાના રહેશે.

1. ખુલ્લી જગ્યાના સ્થળ દર્શાવતા નકશાની બે નકલ
2. ખુલ્લી જગ્યાનો જેટલો ભાગ ભાડે આપવા માંગતા હો તેનો ટોટલ એરિયા કેટલા ચો.ફુટ છે તે દર્શાવવું અને તે ભાગને નકશામાં આવશ્યક માર્કિંગ કરવાનું રહેશે.
3. ખુલ્લી જગ્યા નામે છે તે અંગે આકારણી પત્રક, વેરા પાવતી, દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ, ભાગીદારો હોય તો "પાવર ઓફ એટર્ની" ની નકલ તેમજ જગ્યાનું ભાડું બધા ટેક્ષ, વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે.
4. ખુલ્લી જગ્યાની ફરતે દીવાલ / ફેંસિંગ કરી આપવાની રહેશે અથવા કરેલી હોવી જોઈએ જેથી ચોરી થવાની શક્યતા નહિવત રહે.

નોંધ - ઉપરોક્ત દરખાસ્ત બે કવરમાં મોકલવાની રહેશે જેમાં એક કવરમાં ઉપરોક્ત જરૂરી તમામ પુરાવા અને કેટલો અરિયા છે તે દર્શાવવાનું રહેશે અને બીજા કવરમાં (કવર ઉપર ભાવ પત્રક અવશ્ય લખવું) જગ્યાનું ભાડું એક ચો. ફુટ એરિયાના એક મહિનાના ભાવ સાથે કુલ ભાડું (બધા ટેક્ષ, વેરા સહિત છે તેની વિગત જણાવવાની રહેશે) દર્શાવવાનું રહેશે. ત્યારબાદ આ બંને કવર સીલ બંધ કરીને એક મોટા કવરમાં રસ ધરાવનાર પાર્ટીએ તા. ૨૪.૦૩.૨૦૨૬ ના રોજ બપોરના ચાર વાગ્યા સુધીમાં મળી જાય તે રીતે આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટથી સીલ બંધ કવરમાં સંપૂર્ણ દરખાસ્ત મુ.કા.અ. અને અધિક્ષક ઈજનેરશ્રી (સં.અને નિ.), દ.ગુ.વિ.કં.લી., સુરત રૂરલ વર્તુળ કચેરી , નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, કાપોદ્રા, સુરત - ૩૯૫૦૦૬ ના સરનામે મોકલી આપવી. કવર પર "નવસારી રિજીઓનલ સ્ટોર માટે માલ-સમાન મૂકવા ભાડેથી જગ્યા રાખવા બાબત" જરૂર લખવું, જો આ મુજબ દરખાસ્ત મોકલવામાં નહિ આવે અથવા કોઈ પણ પુરાવા ઘટતા મોકલેલ હશે તો તેઓની અરજી મંજુર થશે નહિ અને તેઓશ્રી દ્વારા ભરેલ ભાવ ખોલવામાં નહિ આવે તેમજ આ અંગે આખરી નિર્ણય દ.ગુ.વિ.કં.લી. ના સક્ષમ અધિકારીનો રહેશે જે બાબતે આપની કોઈપણ રજૂઆત ધ્યાનમાં લેવામાં નહિ આવે.

આ ઉપરાંત રસ ધરાવનાર પાર્ટીઓને નીચે મુજબની શરતો બંધનકર્તા રહેશે.

1. ખુલ્લી જગ્યા હોવી જોઈએ.
2. ભાડા કરારની મુદત ઓછામાં ઓછી પાંચ (૦૫) વર્ષની રહેશે તેમજ દ.ગુ.વિ.કં.લી. કોઈપણ સમયે ખાલી કરી શકશે
3. દ.ગુ.વિ.કં.લી., ની જરૂરિયાત મુજબ કેબીન મકાન માલિકે પોતાના ખર્ચે બનાવી આપવાના રહેશે તેમજ પુરુષ અને સ્ત્રી સ્ટાફ માટે અલગથી શોઉચાલયની વ્યવસ્થા કરી આપવાની રહેશે.
4. ખુલ્લી જગ્યામાં પૂરતી લાઇટિંગ માટે જરૂરી ઇલેક્ટ્રિક વાયરિંગ મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાનું રહેશે.
5. કોઈપણ દરખાસ્ત મંજુર કરાવી કે ન કરાવી તેની આખરી સત્તા દ.ગુ.વિ.કં.લી. ના મંજુર કરનાર સક્ષમ અધિકારીની રહેશે. દ.ગુ.વિ.કં.લી. ની મંજૂરી મળ્યેથી મકાનનો કબજો તરત જ આપવાનો રહેશે.
6. ખુલ્લી જગ્યામાં જરૂરી CCTV કેમેરા ની વ્યવસ્થા મકાન માલિકે પોતાના ખર્ચે કરી આપવાની રહેશે

મુ.કા.અ. અને અધિક્ષક ઈજનેરશ્રી (સં.અને નિ.), દ.ગુ.વિ.કં.લી., સુરત રૂરલ વર્તુળ કચેરી



**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

રીઝનલ ઓફીસ : સુરત શહેર ક્ષેત્ર–૨, પ્લોટ નં. ૬–બી, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત–૩૯૫૦૦૭

**વાહનના વેચાણ માટે ની હરાજી નોટીસ**

બેંક ઓફ બરોડા અધિકૃત અધિકારીએ નીચેના લોન ખાતાઓમાં જારી કરાયેલી નોટિસના અનુસંધાનમાં નીચેના વાહનોનો કબજો "જ્યાં છે ત્યાં છે" અને "જેમ છે તે પ્રમાણે છે" પર બેકની વસૂલાત માટેના આધારે વેચવાના અધિકાર સાથે લીધા હતા. બાકી લેણાં વત્તા વ્યાજ અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે, વાહન વેચાણની હરાજી નીચેના વાહનો માટે કરવાની જાહેર નોટીસ.

**હરાજીની તા.૨૪/૦૩/૨૦૨૬, સમય : બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦,**
**બીડ ભરવાની છેલ્લી તારીખ અને સમય : ૨૪.૦૩.૨૦૨૬, સાંજે : ૦૬:૦૦**
**નિરિક્ષણ તારીખ અને સમય : ૨૧/૦૩/૨૦૨૬ અને ૨૩/૦૩/૨૦૨૬, સવારે ૧૦: ૦૦ થી સાંજે ૫:૦૦**

| અ. નં. | દેવાદાર/ જામીનદાર નામ અને સરનામું | વાહન ની વિગતો | બાકી લેણા (રૂ. લાખમાં) | અનામત કિંમત / ન્યુનતમ ઈએમડી / બીડ વધારાની રકમ | ૧. ઈએમડી ડિપોઝીટ ખાતા નં. ૨. આઈએફએસસી કોર્ડ ૩. બેંક ઓફ બરોડા શાખા |
|---|---|---|---|---|---|
| ૧ | કરનીકુશલ ચરન રહેણાંક – ૧ શક્તિ નગર મોડેલ ટાઉન પરવત પાટીયા, સુરત સીટી, સુરત, ગુજરાત પીન કોડ– ૩૯૫૦૧૦ | હુંડાઈ મોટર ઈન્ડિયા લી. I20 -Asta VTVT ,GJ05RF2559, Petrol , Polar White, Date of Reg 03.11.2018, Chasis No – MALBM51 BLJM592865, Engine No – G4LAJM002139 | રૂા.૦૯.૩૬ + અન્ય ચાર્જીસ | ૧) રૂા. ૪,૦૦,૦૦૦ ૨) રૂા. ૪૦,૦૦૦ ૩) રૂા. ૧૦,૦૦૦.૦૦ | ૧. ખાતા નં. ૨૬૬૯૦૦૧૫૧૮૧૮૬૯ ૨. BARBODUMSUR ૩. એપીએમસી ડુંભાલ |

BAANKNET મિલકત આઈડી અને હરાજી આઈડી અનું. નં. વગેરે વિગતો નીચે આપવામાં આવેલ છે.

| અનું. નં.૧ | BAANKNET મિલકત આઈડી : BARB266920251101 | હરાજી આઈડી –૨૬૭૩૪૭ |
|---|---|---|

* પર્કિંગ ચાર્જ બિડર/ખરીદનાર દ્વારા ભોગવવાનો રહેશે.
સફળ હરાજી ખરીદનાર/ બિડરે બેંકને વેચાણ રકમ ઉપરાંત લાગુ પડતો ગુડ્સ અને સર્વિસ ટેક્સ (GST)
વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે કૃપા કરીને વેબસાઈટ લિંક https://baanknet.com નો સદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ સંપર્ક કરી શકે છે.**અધિકૃત અધિકારી સંપર્ક અધિકારી : + ૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, + ૯૧ ૭૯૭૮૧૧૭૯૨૨**

**તારીખ : ૦૭.૦૩.૨૦૨૬ । સ્થળ : સુરત** — **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા**



**ગુજરાત સરકાર**
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.
**જાહેર નિવિદા નં. ૨૪, સને ૨૦૨૫-૨૬**
પંચાયત સિંચાઇ વિભાગ, નવસારી.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, પંચાયત સિંચાઈ વિભાગ, જુનાથાણા, જિલ્લા પંચાયત ભવન, નવસારી. પીન કોડ નં. ૩૯૬૪૪૫ ફોન નં: (૦૨૬૩૭) ૨૪૮૫૦૨ની કચેરીએથી સુજલામ સુફલામ જળ અભિયાન - ૨૦૨૬ "જળ સંચય જન ભાગીદારી ૨.૦" અંતર્ગત નવસારી જિલ્લાના જુદા-જુદા તાલુકાઓનાં જળ સંગ્રહના કામો જેવા કે હયાત તળાવો ઉંડા કરવા, ચેકડેમ ડીસીલ્ટીંગ અને નદીઓનાં પ્રવાહને અવરોધરૂપ ઝાડી- ઝાંખરા દુર કરવા વિગેરે કામગીરી માટે રસ ધરાવતી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉધોગ ગૃહો, રાજ્ય સરકારના જાહેર સાહસો, એ.પી.એસ.સી. તથા ધાર્મિક સંસ્થાઓ પાસેથી ઠરાવની જોગવાઇઓને આધિન તાત્કાલિક ધોરણે અરજીઓ મંગાવવામાં આવે છે.

આ કામની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપરાંત વેબસાઇટ www.statetenders.gujarat.gov.in પર જોવા મળશે.

કાર્યપાલક ઇજનેર, પંચાયત સિંચાઇ વિભાગ, નવસારી.

માહિતી/નવસારી/૭૩૯/૨૦૨૬



**વાપી મહાનગરપાલિકા- વાપી**
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ
**(ઇલેક્ટ્રિકલ વિભાગ) (જાહેર નિવિદા નં.૧૦/૨૦૨૫-૨૬)**

વાપી મહાનગરપાલિકા, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી વાપી મહાનગરપાલિકાના ઇલેક્ટિકલ વિભાગમાં સને ૨૦૨૬-૨૭ ના વર્ષ માટે સ્ટ્રીટ લાઇટ મરામત, ઇલેક્ટ્રિક માલસામાન તથા રિપેરિંગ કામો માટે વાર્ષિક ભાવો તેમજ અન્ય વિકાસના કામોના ભાવપત્રક મંગાવવાના કામો માટે ઓનલાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapirmunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને ઇલેક્ટ્રિકલ વિભાગનું નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામા આવશે નહિ. હવે પછીની બધી જ આનુષાંગિક માહિતી, નોટીફીકેશન અને સુધારા વધારા ઉપર નિર્દિષ્ટ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૨૦/૦૩/૨૦૨૬ |
| ટેક્નીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૨૫/૦૩/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) |

-સહી-
જે. કે. પટેલ
સીટી ઈજનેર
વાપી મહાનગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૯૫૪/૨૦૨૬



**જાહેર નિવિદા ૨૦૨૬-૨૭**

સુરત જિલ્લાના ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.ના તાબા હેઠળ ના ગોડાઉનો ખાતે ઉપલબ્ધ તથા માર્ચ- ૨૦૨૬ અંતિત સુધી ઉપલબ્ધ થનાર ૫૦ કિ.ગ્રા.ના ખાલી પ્લાસટીક/શણના ઉપયોગી/બીનઉપયોગી બારદાનો ટેન્ડર દ્વારા ભાવમંજુર કરી વેચાણ કરવાના થાય છે. રસ ધરાવનાર ઇસમો તથા પાર્ટીઓએ કોરા ટેન્ડર ફોર્મ અને ટેન્ડરની શરતો નાયબ જિલ્લા મેનેજર (ગ્રેડ-૨) ની કચેરી, ગુ.રા.ના.પુ.નિ.લિ. નવાગામ ગોડાઉન કંમ્પાઉન્ડ, રાજહંસ પોઇન્ટની બાજુમાં, વરાછા રોડ, સુરતની હિસાબી શાખામાં રૂ.૨૫૦/-(નોન રીફંડેબલ) રોકડમાં જમાં કરાવી તા.૧૬/૦૩/૨૦૨૬ સુધીમાં કચેરી સમય દરમિયાન (જાહેર રજાના દિવસો સિવાય) મેળવી લેવા જણાવવામાં આવે છે. ભરેલા ટેન્ડર ફોર્મ કચેરીમાં સ્વીકારવાની છેલ્લી તા-૧૮/૦૩/૨૦૨૬ના ૧૨.૦૦ કલાક સુધી રહેશે. બારદાનોની તળીયા કિંમત નીચે મુજબ રહેશે.

| અ.નં. | ઉપયોગી બારદાન (૫૦ કિ.ગ્રા) | | બિન ઉપયોગી બારદાન (૫૦ કિ.ગ્રા) | |
|---|---|---|---|---|
| | શણ | પ્લાસ્ટીક | શણ | પ્લાસ્ટીક |
| તળિયા કિંમત GST તથા અન્ય લાગુ પડતા તમામ વેરા સિવાય | રૂ.૧૦=૦૦ | રૂ. ૨=૬૫ | રૂ. ૫=૫૦ | રૂ.૨=૧૫ |

તા.૧૮/૦૩/૨૦૨૬ નાં રોજ બપોરે ૧૬.૦૦ કલાકે ભાવપત્રકો મોકલતા વ્યક્તિ અથવા તો તેમના પ્રતિનિધિ ની હાજરી માં ભવપત્રક ખોલવામાં આવશે.

જિલ્લા મેનેજરશ્રી (ગ્રેડ-૧) અને જિલ્લા પુરવઠા અધિકારી સુરત

ક્રમાંક : માહિતી-સુરત/૧૬૦૦/૨૦૨૬






Surat SMART CITY — SWACHH SURVEKSHAN 2025-26

# સુરત મહાનગરપાલિકા
## જાહેર નિમંત્રણ




રાજ્ય સરકારશ્રીની અનેકવિધ લોકહિત યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા
પ્રશ્નોને ન્યાયિક, ચોક્કસ અને ઝડપથી ઉકેલ આવે તે માટે પ્રજાજનોને
વિવિધ યોજનાઓનો એક જ સ્થળેથી ત્વરિત લાભ મળે તે હેતુસર પ્રજાની લાગણી, માંગણી અને અપેક્ષા પૂર્ણ કરવા
**સુરત મહાનગરપાલિકા દ્વારા** સેન્ટ્રલ ઝોન તથા નવો પૂર્વ (સરથાણા) ઝોન વિસ્તારમાં
**''સેવાસેતુ'' કાર્યક્રમ**
તા.૦૭/૦૩/૨૦૨૬, શનિવાર અને તા.૧૦/૦૩/૨૦૨૬, મંગળવારના રોજ રાખવામાં આવેલ છે. આ પ્રસંગે પધારવા જાહેર જનતાને સ્નેહભર્યું નિમંત્રણ છે.

સેવાસેતુ કાર્યક્રમ

**ગરિમામયી ઉપસ્થિતિ**
**શ્રી સી. આર. પાટીલ**
માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, ભારત

**પ્રેરક ઉપસ્થિતિ**
**શ્રી હર્ષ સંઘવી**
માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**
**શ્રી કનુભાઈ દેસાઈ**
માન. મંત્રી, નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત
**શ્રી પૂર્ણેશ મોદી**
માન. ઉપાધ્યક્ષ, ગુજરાત વિધાનસભા
**શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા**
માન. રાજ્યકક્ષા મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ, ગુજરાત

**પ્રમુખ**
**શ્રી દક્ષેશ કિશોરભાઈ માવાણી**
માન. મેયર

**મુખ્ય મહેમાન**
**શ્રી મુકેશભાઈ દલાલ** — માન. સંસદસભ્ય
**શ્રી પરભુભાઈ વસાવા** — માન. સંસદસભ્ય
**શ્રી ગોવિંદભાઈ ધોળકિયા** — માન. સંસદસભ્ય, રાજ્યસભા

**અતિથિ વિશેષ**
**શ્રી કિશોર કાનાણી (કુમાર)** — માન. ધારાસભ્ય
**શ્રીમતી સંગીતાબેન પાટીલ** — માન. ધારાસભ્ય
**શ્રી અરવિંદ રાણા** — માન. ધારાસભ્ય
**શ્રીમતી સોનલબેન દેસાઈ** — માન. અધ્યક્ષ, સમાજ કલ્યાણ, આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ
**શ્રી મુકેશભાઈ પટેલ** — માન. ધારાસભ્ય
**શ્રી કાંતીભાઈ બલર** — માન. ધારાસભ્ય
**શ્રી સંદિપ દેસાઈ** — માન. ધારાસભ્ય
**શ્રી વિનોદભાઈ મોરડીયા** — માન. ધારાસભ્ય
**શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** — માન. ધારાસભ્ય
**શ્રી મનુભાઈ પટેલ** — માન. ધારાસભ્ય
**ડો. નરેન્દ્રભાઈ પાટીલ** — માન. ડે. મેયર
**શ્રી રાજન પટેલ** — માન. અધ્યક્ષ, સ્થાયી સમિતિ
**શ્રીમતી શશીબેન ત્રિપાઠી** — માન. નેતા, શાસક પક્ષ
**શ્રી ધર્મેશભાઈ વાણિયાવાલા** — માન. દંડક, શાસક પક્ષ

**:: સેન્ટ્રલ ઝોન ::**
તારીખ : 07/03/2026, શનિવાર, સમય : સવારે 10.00 વાગે
સ્થળ : ૨/૨૮૯, રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ,આશાપુરી માતાનો ટેકરો, તરણકુંડની બાજુમાં, રૂસ્તમપુરા, સુરત.

**:: નવો પૂર્વ (સરથાણા) ઝોન ::**
તારીખ : 10/03/2026, મંગળવાર, સમય : સવારે 10.00 વાગે
સ્થળ : નવો પૂર્વ (સરથાણા) ઝોન, વહીવટી ભવન, સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તાની પાછળ, સરથાણા, સુરત.

નં.પી.આર.ઓ./૭૦૬/૨૦૨૫–૨૬
તા.૦૬–૦૩–૨૦૨૬

નોંધ : સેવાસેતુ કાર્યક્રમની કામગીરી સવારે ૦૯.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક સુધી કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાને હંમેશાં સાથે રાખો — સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ

**એમ. નાગરાજન,IAS**
કમિશનર
સુરત મહાનગરપાલિકા